# --:: <u>પ્રેસનોટ</u> ::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળ તા. ૦૨/૦૭/૨૦૨૪ નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ હેઠળ કલમ – ૪, કલમ – ૬ (અ અને બ) અને કલમ – ૭ નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા. ૦૨/૦૭/૨૦૨૪ નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી. ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોન માં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૨૩ અને કુલ રુપિયા ૪૬૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦ **વરાછા – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૨ અને કુલ રુપિયા ૪૪૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૩૨ અને કુલ રુપિયા ૬૪૦૦, **ઉધના – એ** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, **ઉધના – બી** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦ સાથે સુરત મહાનગર પાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૮૧ પાસે કુલ ૩૬,૨૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૧૦૨
તા. ૦૨/૦૭/૨૦૨૪